બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને સંસ્કૃત પાઠશાળાઓ, કલા સંસ્થાઓના તમામ કર્મચારીઓના પે- વેરીફીકેશનના ઓડીટ માટે પે-વેરીફીકેશનની કામગીરી અર્થે જુનીયર આસીસ્ટન્ટ એક્ઝામીનરની હોદ્દાજોગ નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૯૮/૧૯૮૧/ગ (પાર્ટ ફાઈલ)
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૦૪/૨૦૧૮

વંચાણે લીધા:

૧) શિક્ષણ વિભાગનો તા.૨૫/૦૮/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૯૮/૧૯૮૧/ગ
૨) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૫/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૯૮/૧૯૮૧/ગ
૩) શિક્ષણ વિભાગનો તા.૧૨/૦૧/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૯૮/૧૯૮૧/ગ(પાર્ટ ફાઈલ).
૪) નિયામકશ્રી શાળાઓની કચેરીનો તા.૨૨/૦૩/૨૦૧૮નો પત્ર ક્રમાંક: ઘ/પેન/જુ.આ.એ/નિમણૂંક/૨૦૧૮/ ૬૩૭૦-૬૪૧૫.

આમુખ:

વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧)ના તા.૨૫/૦૮/૧૯૯૮ના ઠરાવથી રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, સંસ્કૃત પાઠશાળાઓ અને કલા સંસ્થાઓન તમામ કર્મચારીઓના પે-વેરીફીકેશનની કામગીરી અર્થે પે-વેરીફીકેશન સેલ ઉભું કરવામાં આવેલ હતું. વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨)ના તા.૧૧/૦૫/૨૦૦૧ના ઠરાવથી કમિશનરશ્રી શાળાઓની કચેરીના ઓડિટ અધિકારીઓને તેમના હોદ્દાની રૂએ પે-વેરીફીકેશનની કામગીરી માટે જુનીયર આસીસટન્ટ એક્ઝામીનર તરીકે સેવાપોથીમાં સહી કરવાની સત્તા આપવામાં આવેલ હતી. વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૩)ના ઠરાવથી જુનીયર આસીસટન્ટ એક્ઝામીનરની હોદ્દા જોગ નિમણૂંકને તા.૨૮/૦૨/૨૦૧૮ સુધી લંબાવવામાં આવેલ હતી. ઉક્ત મુદત પૂરી થતા નિયામકશ્રી શાળાઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક(૪)ના તા.૨૨/૦૩/૨૦૧૮ના પત્રથી જુનીયર આસીસટન્ટ એક્ઝામીનરની નિમણૂંકની મુદતને લંબાવી આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, સંસ્કૃત પાઠશાળાઓ અને કલા સંસ્થાઓના તમામ કર્મચારીઓના પે-વેરીફીકેશનના ઓડીટ માટે પે-વેરીફીકેશનની કામગીરી અર્થે જુનીયર આસીસ્ટન્ટ એક્ઝામીનરની જગ્યાનો હવાલો આપવા અને તે અંગેની તમામ બાબતે નિર્ણય લેવા માટે નીચેની શરતોને આધીન નિયામકશ્રી, શાળાઓને અધિકૃત કરવામાં આવે છે.

શરતો:

(૧) પગારપંચ અન્વયે કરવાની થતી તમામ કામગીરી નિયામકશ્રી શાળાઓની કચેરીની આંતરિક વ્યવસ્થાથી કરવાની રહેશે તેમજ જુનીયર આસીસ્ટન્ટ એક્ઝામીનરની નિમણૂંક તે કચેરીની આંતરિક વ્યવસ્થાથી જ કરવાની રહેશે. આ માટે વધારાનું મહેકમ મળવાપાત્ર થશે નહી તેમજ આ કામગીરી માટે વધારાનું વેતન પણ મળવાપાત્ર થશે નહીં.

(૨) ચોથા અને પાંચમાં પગાર પંચના ફિક્શેશનના તમામ ૭૮ પડતર કેસોની કામગીરી એક માસમાં પૂર્ણ કરવાની રહેશે અને તેનો વિગતવાર અહેવાલ વિભાગને મોકલી આપવાનો રહેશે.

(૩) જિલ્લા કક્ષાએ પડતર રહેલા કેસોની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી પાસેથી વિગતો મેળવી, તેનાં સંકલનમાં વેરીફીકેશનની કામગીરી છ માસમાં પૂર્ણ કરવાની રહેશે.

(૪) પે-વેરીફિકેશનની કામગીરીનો અહેવાલ દર ત્રણ માસે વિભાગને રજુ કરવાનો રહેશે.

આ હુકમો ગુજરાત સરકારના નાણા વિભાગના નાણાકીય સત્તા સોંપણી નિયમો-૧૯૯૮ના નિયમ૭(૨) હેઠળ વહીવટી વિભાગને મળેલ સત્તાની રૂએ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(મહેશ ભટ્ટ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત)
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (નિયામકશ્રી શાળાઓની કચેરી મારફત).
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર તરફ આ બાબત વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.